હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

ભઈ, અમારા માટે દેશ પ્રથમ છે માટે અમે બદમાશ વિરોધ પાર્ટીના સદસ્યને અમારા પક્ષમાં લઈ દેશને તેમનાથી મુક્ત કરવા માંગણીએ છીએ...

દિપેશ-અભિષેક કેસમાં આસારામ અને પોલીસને રાહત

બાળકોના મોત પાણીમાં ડૂબવાથી થયાં છે, કાળાજાદુથી નહીં

ગાંધીનગર, તા. ૨૬

નિવૃત્ત જસ્ટીસ ડીકે ત્રિવેદી કમિશને તેની તપાસમાં આસારામને મોટી રાહત આપી છે. આશ્રમમાં બે બાળકો દિપેશ અને અભિષેકના મૃત્યુના મામલામાં કમિશને કહ્યું છે કે આ બન્ને બાળકોના મોત પાણીમાં ડૂબી જવાથી થયાં છે. તેઓના મોત કાળા જાદુ (બ્લેક મેજીક) થી થયા નથી.

રિપોર્ટમાં એવું પણ નોંધવામાં આવ્યું છે કે આસારામ આશ્રમમાં બ્લેક મેજીક થતું નથી. પોલીસે કરેલી તપાસ સાચી દિશામાં છે. ૨૦૦૮માં ચકચારી દિપક અને અભિષેકના મૃત્યુની તપાસ અંગેનો રિપોર્ટ વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યો છે. આ કેસની તપાસ હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધિશ ડીકે ત્રિવેદીએ કરી છે.

આશારામ આશ્રમ મોટેરા ખાતે ગુરૂકુળમાં રહીને અભ્યાસ કરતા દિપેશ અને અભિષેકના તારીખ ૩-૭-૨૦૦૮ના રોજ થયેલ અપમૃત્યુના બનાવ અંગે નિવૃત્ત જજ ડી કે ત્રિવેદીના નેતૃત્વમાં તપાસ સમિતિ રચાઈ હતી. આ સમિતિએ તેનો રિપોર્ટ આપ્યો છે જેમાં આસરામને કિલનચીટ આપી છે.

રિપોર્ટમાં એવી ભલામણ કરવામાં આવી છે કે ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવી જોઈએ. આ સાથે આશ્રમની નિષ્કાળજી જોતા આશ્રમને કમિશન દ્વારા કેટલાક નિયમોનું પાલન કરવા જણાવવામાં આવ્યું હતું. આ કેસમાં બાળકોને ન્યાય મળે તે માટે કેસ સીઆઈડીને સોંપાયો હતો. કમિશન દ્વારા આપવામાં આવેલા ખાસ સૂચનો અને તેના પાલનની વિગતો વિધાનસભામાં રજૂ કરવામાં આવી હતી.

અહેવાલ દર્શાવે છે કે, દિપેશ અને અભિષેકના ગુમ થવા પાછળ આશ્રમના મેનેજમેન્ટની બેદરકારી સામે આવી છે. આશ્રમની નિષ્કાળજીનો તપાસ પંચે સ્વીકાર કર્યો છે. સ્થાનિક પોલીસની તપાસમાં કોઈપણ ક્ષતિ ન હતી. તેથી સ્થાનિક પોલિસ તપાસને ક્લીન ચિટ આપવામાં આવી છે.

આશ્રમ મેનેજમેન્ટની બેદરકારી હતી જેને ચલાવી લેવાય નહીં તેવું તારણ આપવામાંઆવ્યું છે. એ સાથે ૧૦ વર્ષથી નીચેના બાળકોને ગુરૂકુળમાં પ્રવેશ આપવો જોઈએ નહીં. ભવિષ્યમાં આવા બનાવ ના બને તે માટે ગુરૂકુળએ કાળજી લેવી જોઈએ.

જુલાઈ ૨૦૦૮માં આશારામ આશ્રમમાં રહેતા બે પિતરાઈ ભાઈઓ દિપેશ અને અભિષેક શંકાસ્પદ રીતે સાંજે ગુમ થઈ ગયા હતા. ત્યાર બાદ બન્ને બાળકોના મૃતદેહ સાબરમતી નદીના કિનારેથી મળી આવ્યા હતા. જેની તપાસ માટે ઓગસ્ટ ૨૦૦૮માં તપાસપંચની રચના કરાઈ હતી. ૨૦૧૨માં સીઆઈડીએ કોર્ટ સમક્ષ ચાર્જશીટ દાખલ કરી હતી. જેના પરથી સાક્ષીઓના નિવેદનો લઈ ૨૦૧૩માં રાજ્ય સરકારને અહેવાલ સુપ્રત કર્યો હતો જેને વિધાનસભામાં જાહેર કરવામાં આવ્યો છે.

પ્રાંતિયા સ્મૃતિ વિકાસ શાળા માનસિક ક્ષતિવાળા દિવ્યાંગ બાળકો સાથે જન્મ દિવસની અનોખી ઉજવણી કરાઈ

ચિલોડા, તા. ૨૬

સ્મૃતિ વિકાસ શાળા પ્રાંતિયા, તા. ગાંધીનગર ખાતે માનસિક ક્ષતિવાળા (મંદબુદ્ધિ) બાળકો સાથે જન્મદિવસની યાદગાર ઉજવણી કરવામાં આવી હતી.

શિહોલી મોટીના રહેવાસી અને મેડીકલ કોલેજ ગાંધીનગર ખાતે ફરજ બજાવતાં પટેલ તરૂણકુમાર આર. (એમ.એસ.ડબલ્યુ.)એ તેમના જન્મદિવસની ઉજવણી સંસ્થાના માનસિક ક્ષતિવાળા બાળકો સાથે કરી હતી. સંસ્થાના બાળકોને કેક ખવડાવી મોં મીઠુ કરાવી તેમજ અલ્પાહાર સહિત સ્મૃતિભેટ તમામ બાળકોને આપી હતી. જન્મદિવસની યાદગાર પ્રસંગે બાળકો ખૂબ આનંદિત બન્યા હતા. આ યાદગાર પ્રસંગે બાળકોને યાદ કરવા બદલ સંસ્થા પરિવારે અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કર્યો હતો. તરૂણ પટેલે સંસ્થાની કાર્યપ્રવૃતિથી પ્રભાવિત થઈ ભવિષ્યમાં સંસ્થાને મદદરૂપ થવાની ખાત્રી આપી હતી.

ઊર્જા બચત અંગેના 'વેન એક્ટીવેશન એન્ડ પ્રમોશન' કાર્યક્રમનું ઉદઘાટન

ગાંધીનગર, તા. ૨૬

મંત્રી ગણપતભાઈ વસાવાના વરદ હસ્તે દાંડી કુટિર, ગાંધીનગર ખાતે ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા) દ્વારા આયોજીત ઊર્જા બચત અંગેના 'વેન એક્ટીવેશન એન્ડ પ્રમોશન' કાર્યક્રમનું ઉદઘાટન કરાયું.

એસીનું તાપમાન ૨૪ સેલ્સીયસ રાખવાથી ઊર્જામાં બચત થઈ શકે છે તે વિષય પર લોકજાગૃતિ ફેલાવવા તૈયાર કરાયેલ એસી ડેમોસ્ટ્રેશન વાનને મંત્રી ગણપતભાઈ વસાવા દ્વારા લીલી ઝંડી અપાઈ. ગુજરાત રાજ્યના ક્લાઈમેટ ચેઈન્જ વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા) રાજ્યના તમામ ઊર્જા બચતના પ્રોત્સાહન અને પ્રચાર-પ્રસારના કાર્યો કરે છે.

બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી, મિનિસ્ટ્રી ઓફ પાવર, ન્યુ દિલ્હીના એક સૂચિત માર્ગદર્શન હેઠળ એસીનું તાપમાન ૧ સેલ્સિયસ વધારવાથી એટલે કે ૨૪ સેલ્સિયસને બદલે ૨૫ સેલ્સિયસ રાખવાથી ૬ ટકા જેટલી ઊર્જા બચાવી શકાય છે તે વિષયે આગામી ૩૦ દિવસમાં રાજ્યના જુદા-જુદા મુખ્ય શહેરોમાં જઈ એસી ડેમોસ્ટ્રેશન વાન મારફત એનર્જી કન્ઝર્વેશન ટીપ્સ, નાટક, ક્વીઝ, વિડિયો, ફિલ્મ, પેમ્ફલેટ દ્વારા શાળાઓમાં, ગૃહીણીઓ, લોકલ ટ્રેડર્સ અને ઓફિસ કર્મચારીઓમાં ઊર્જા બચત અંગેનું નિદર્શન કરવામાં આવશે.

આ પ્રસંગે ક્લાઈમેટ ચેઈન્જ વિભાગના અગ્ર સચિવ એસ. જે. હૈદર, સંયુક્ત સચિવ મુકેશ શાહ અને જેડાના નિયામક એસ. છાકછુઆક ઉપસ્થિત રહ્યા હતા.

સેકટર-૫ ખાતે ટાયર ચોરીનો સિલસિલો યથાવત

ગાંધીનગર,તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૫ માં કારના ટાયરો ચોરી થવાનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. તાજેતરમાં જ આઈટેન અને સ્વીફર કારના બે-બે ટાયરોની ચોરી થવા પામી હતી. જેને પગલે પોલીસમાં ફરીયાદ પણ કાર માલિકે નોંધાવી છે.ત્યારે ફરીવાર સેકટર-૫ ને જ ટાયર ચોર ઈસમોએ ટાર્ગેટ કર્યું છે.પ્લોટ નં.૨૧૧-૨ આગળ પાર્ક કરેલી સ્વીફટ કારના બે ટાયરો ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. જેથી કાર માલિકે બનાવને પગલે સેકટર-૭ પોલીસને જાણ કરતા પોલીસે ટાયર ચોરોને પકડવા માટે તજવીજ શરુ કરી છે.

ટિકટોક વિડિયો તપાસ કરનાર મંજીતાનો પણ વિડિયો વાયરલ

અમદાવાદ, તા.૨૬

મહેસાણા જિલ્લાના લાંઘણજ પોલીસ સ્ટેશનની મહિલા કોન્સ્ટેબલ અર્પિતા ચૌધરીએ પોલીસ સ્ટેશનમાં ફરજ દરમિયાન ટિકટોક વીડિયો બનાવ્યો જેના કારણે જિલ્લા પોલીસ વડા દ્વારા શિક્ષાત્મક પગલાના ભાગરૂપે સસ્પેન્ડ કરી દેવામાં આવી હતી. મહેસાણા જિલ્લા પોલીસવડાએ અર્પિતાના ગેરશિસ્ત અને નૈતિકતાના મુદ્દે સસ્પેન્ડ કરી દીધી હતી. આ સમગ્ર કેસની તપાસ ડીવાયએસપી મંજીતા વણઝારાને સોંપવામાં આવી છે. જો કે, આશ્ચર્યની વાત એ છે કે , હવે ખુદ તપાસ અધિકારી મંજીતા વણઝારાનો જ ટિકટોક પરનો વીડિયો બહાર આવ્યો છે. અલબત્ત આ વીડિયો તેમણે ફરજ પર કે વર્દી પહેરીને નથી બનાવ્યો, પરંતુ ટિકટોક વીડિયો જરૂર છે. ડીવાયએસપી મંજીતા વણઝારાએ એક પંજાબી ગીત પર પોતાનો ટિકટોક વીડિયો બનાવ્યો છે. આ ગીતમાં તેઓ ડાન્સ નથી કરી રહ્યા પરંતુ હાથ વડે ડાન્સની છટા દર્શાવી રહ્યા છે. ટિકટોક વીડિયો વાયરલ થવાની ઘટનાઓમાં પોલીસ કર્મીઓ સસ્પેન્ડ થઈ ચૂક્યા છે, ત્યારે વડોદરાના પીએસઆઈ અરૂણ મિશ્રાનો ફિલ્મી ગીત ગાતો વીડિયો વાયરલ થયો છે. અરૂણ મિશ્રા ડીસીબીની ચાંપાનેર દરવાજા ખાતે આવેલી ઓફિસમાં ફરજ બજાવે છે. ડીસીપી ક્રાઈમ બ્રાંચ જયદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, અરૂણ મિશ્રા વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં આવશે.

નલિયાકાંડમાં ભાજપના નેતાઓને ક્લિનચીટ, આવી કોઈ ઘટના બની નથી

ગાંધીનગર, તા. ૨૬

કચ્છના નલિયામાં ભાજપના નેતાઓ દ્વારા સામૂહિક દુષ્કર્મ આચરવાની વિગતો બહાર આવ્યા બાદ ગુજરાત સરકારે સોંપેલી તપાસના રિપોર્ટમાં એવો ઘટસ્ફોટ થયો છે કે કચ્છમાં નલિયાકાંડ બન્યો જ નથી. આ રિપોર્ટમાં ભાજપના નેતાઓને ક્લિનચીટ આપવામાં આવી છે.

કચ્છ જિલ્લાના નલિયા ખાતે એક યુવતી પર ઓગષ્ટ ૨૦૧૫થી નવેમ્બર ૨૦૧૬ દરમિયાન સામુહિક દુષ્કર્મ આચરવાની વિગતો બહાર આવતાં ખળભળાટ મચી ગયો હતો. નલિયા સેક્સકાંડમાં સંડોવાયેલાં મુખ્ય આરોપીઓનો ભાજપ સાથેનો નાતો રહ્યો છે. ખુદ પિડીત યુવતીએ મિડીયા સમક્ષ એવો એકરાર કર્યો હતો કે, આ સેક્સકાંડમાં ભાજપના મોટા માથા સંડોવાયેલાં છે ત્યારે આજે બહુચર્ચીત નલિયા સેક્સ કાંડના તપાસનો અહેવાલ ગુજરાત વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યો હતો.

નલિયા કાંડની તપાસ માટે જસ્ટિસ દવે કમિશન રચાયું હતું. રિપોર્ટ મુજબ સેક્સ કાંડમાં સંડોવાયેલા તમામ લોકોને ક્લિનચીટ આપવામાં આવી છે. આ રિપોર્ટમાં જણાવાયા મુજબ નલિયાના આ બનાવમાં યુવતી પર દુષ્કર્મ થયું હોવાના કોઈ પુરાવા કે વિગતો મળી આવી નથી.

જો કે તપાસ પંચે આવા બનાવો ના બને તેની સરકારને ભલામણ કરી હતી. આ ભલામણોમાં બળાત્કારના કેસોની તપાસ કરવા માટે અલગ પોલીસ સેલની રચના કરવાનું કહેવામાં આવ્યું છે.

વધુમાં સરકારે વર્મા કમિટીના અહેવાલની ભલામણને ધ્યાનમાં લઈને ફોજદારી ધારાઓમાં સુધારો કરી તેનું અમલીકરણ કરવું જોઈએ. તપાસપંચનો રિપોર્ટ પણ આશ્ચર્ય પમાડે તેવો છે. નલિયા કાંડમાં આરોપીઓ, સરકાર અને તંત્રને ક્લિનચીટ મળી તેમ છતાં પણ રિપોર્ટમાં આ પ્રકારની ઘટના ન બને તેવા તેવી ટિપ્પણી કેમ કરવામાં આવી તે મોટો સવાલ છે.

મહત્વની વાત છે કે જો દુષ્કર્મનો બનાવ બન્યો જ નથી તો તપાસપંચે રિપોર્ટમાં કેમ ભલામણો કરવી પડી છે કે આ પ્રકારના બનાવ ના બને તે માટે તકેદારી રાખવામાં આવે. અને જો એવું હોય તો અંગે સરકાર પાસે કોઈ ગાઈડલાઈન નથી તેવું પ્રસ્થાપિત થાય છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર લાંગાએ કંથારપુરા વડની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલા ૫૦૦થી વધુ વર્ષ પુરાણા એવા

કંથારપુરા વડની મુલાકાત આજરોજ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી એસ. કે. લાંગાએ લીધી હતી.

ગુજરાત રાજયના તત્કાલીન મુખ્ય મંત્રી અને હાલના દેશના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગર જિલ્લામાં લોકમુખે મીની કબીરવડ તરીકે જાણીતા બનેલા કંથારપુરા વડની મુલાકાત લીધી હતી. આ સ્થળને પ્રાકૃતિક પ્રવાસધામની જેમ વિકાસવા માટે સૂચન કર્યું હતું. ત્યારબાદ રાજય સરકાર દ્વારા આ સ્થળના વિકાસ માટે ગુજરાત યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રૂપિયા ૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ત્યાર બાદ ખૂબ જ સુચારું આયોજન માટેની પ્રક્રિયા હાથ ધરાઈ હતી.

આજે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી એસ. કે. લાંગાએ કંથારપુર વડની મુલાકાત લીધી હતી. જેમાં કંથારપુરા વડ પર્યાવરણની સાથે એક પ્રવાસધામ તરીકે વિકસે અને લોકોમાં વૃક્ષો પ્રત્યે મમત્વ પેદા થાય તેવા આશય સાથે તેના માટે થયેલી કામગીરીની ચર્ચા-વિર્મશ અધિકારીઓ સાથે કંથારપુરા ખાતે જ કરી હતી.

કલેકટરશ્રીની મુલાકાત દરમ્યાન તેમની સાથે જિલ્લા વનસંરક્ષક અધિકારી, ગાંધીનગર પ્રાંત અધિકારીએસ. એમ. ભોરણિયા, દહેગામ મામલતદાર જોડાયા હતા.

રાંધેજા, મહેસાણા ખાતે મેડિકલ કેમ્પ અને સામાજિક જાગૃતિ કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા. ૨૬

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતી વર્ષની ઊજવણીના ભાગરૂપે ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા વિચરતી અને વિમુક્ત જાતિના લોકો તેમના આરોગ્ય પ્રત્યે જાગૃત થાય તે માટે તા.૨૦ના રોજ ગાંધીનગર રાંધેજાની ગૂજરાત વિદ્યાપીઠ ખાતે તેમજ તા.૨૧ના રોજ મહેસાણાના ખેરાલુની આદર્શ નિવાસી શાળા ખાતે નિઃશુલ્ક આરોગ્ય પરીક્ષણ શિબિર તથા વિવિધ સામાજિક જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગૂજરાત વિદ્યાપીઠ ખાતે આયોજિત આરોગ્ય ચકાસણી કેમ્પમાં ૩૭૪ લોકોનું નિદાન તથા ૩૯૪ દર્દીઓનું નેત્ર પરીક્ષણ કરી, ૧૭૩ લોકોને ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે આદર્શ નિવાસી શાળા, ખેરાલુ ખાતે ૩૦૨ દર્દીઓનું નિદાન તથા ૨૭૩ લોકોનું નેત્ર પરીક્ષણ કરી ૬૮ લોકોને ચશ્માંનું વિતરણ કરાયું હતું.

આ તકે મહાત્મા ગાંધીની વિચારધારાના પ્રચાર-પ્રસાર અર્થે શેરી નાટક, માઈમ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું તેમજ માધ્યમથી બેટી બચાવો બેટી પઢાઓ, બાળલગ્ન નિષેધ, સ્ત્રી ભ્રૂણહત્યા અટકાવવા તેમજ સ્વચ્છતા અભિયાન વિશે સામાજિક સંદેશા પાઠવવામાં આવ્યા હતા. ગાંધીજીના વિચારો પર આધારિત વક્તૃત્વ સ્પર્ધા તથા ચિત્રસ્પર્ધા અને નિબંધ સ્પર્ધામાં ભાગ લેનારાં બંને સંસ્થાના બાળકોને પ્રોત્સાહક ઈનામો તથા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતાં.

ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના અધ્યક્ષ લક્ષ્મણભાઈ પટણી તથા મેનેજિંગ ડાયરેક્ટર દિવ્યંકા આર. જાનીની વિશેષ ઉપસ્થિતિમાં ઉપરોક્ત કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે સમાજકલ્યાણ અધિકારી સાધના આર તટ્ટી, વિદ્યાપીઠના પ્રોફેસર રાજીવ પટેલ તથા એડવોકેટ વિષ્ણુકુમાર રાવળ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ખેરાલુ ખાતે મહાવીર ઈન્ટરનેશનલ સંસ્થાનાં ઓર્ગેનાઈઝર ઉષા કપૂર, મહેસાણાના સમાજકલ્યાણ અધિકારી તથા મદદનીશ અધિકારી કે.એચ. ભૂંભાણી હાજર રહ્યા હતા.

જિલ્લામાં મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરાશે

૧ થી ૧૪ ઓગષ્ટ દરમિયાન યોજાનારા પખવાડિયામાં અલગ-અલગ કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં આગામી તા. ૧ થી ૧૪ ઓગષ્ટ દરમ્યાન મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણી દરમ્યાન તમામ દિવસે અલગ અલગ કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યા છે.

મહિલા સશક્તિકરણ પખવાડિયા દરમ્યાન મહિલા પોલીસ, એન.સી.સી. હોમ ગાર્ડ, સ્કુલ કોલેજના મહિલા જૂથોની તીરંદાજી અને ઘોડેસવારીના કાર્યક્રમ યોજાશે. તેમજ કરાટે/સ્વરક્ષણની તાલીમ મેળવેલી યુવતીઓ દ્વારા નિદર્શન અને જિલ્લા પોલીસ વડાની કચેરી, પોલીસ સ્ટેશન અને જેલની મુલાકાત લેશે. સુરક્ષા સેતુ, મહિલા સુરક્ષા સમિતી, અભયમૂ ૧૮૧ હેલ્પલાઈન, પોલીસ સ્ટેશન બેઈઝૂડ સપોર્ટ સેન્ટર વિષે જાગૃતિ કેળવવી અને મહિલાઓ સાથે સંવાદ કરવામાં આવશે. તે ઉપરાંત ભ્રૂણ લિંગ પરીક્ષણ અટકાવવા, સુકન્યા સમૃધ્ધિ યોજના અને બેટી બચાવોના વ્યાખ્યાનો યોજવામાં આવશે. તેમજ જિલ્લા ઉધોગ કેન્દ્ર અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, આઈ.ટી.આઈ તેમજ મહિલા સંચાલિત ઔધોગિક એકમની મુલાકાત અને પરિસંવાદ કાર્યક્રમ યોજાશે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની મહિલા સભ્યોમાં (મહાનગરપાલિકા, નગરપાલિકા અને ગ્રામ પંચાયત કક્ષા) નેતૃત્વ શક્તિના વિકાસ માટે પરિસંવાદ અને સરકારની વિવિધ કચેરીઓ જેવી કે મહિલા સુરક્ષા સમિતિ, મહિલા આયોગ, બાળ આયોગ, સમાજ કલ્યાણ બોર્ડ વગેરેની પ્રવૃત્તિઓ અંગે મહિલાઓને વિસ્તૃત માહિતી આપવાનો કાર્યક્રમ યોજાશે.મહિલા આરોગ્યલક્ષી કાર્યક્રમો અને યોજનાઓની જાણકારી આપવામાં આવશે. તેમજ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં મહિલા/કિશોરીઓનું આરોગ્ય કેમ્પ દ્વારા હેલ્થ ચેકઅપ અને આરોગ્યની જાણકારી અંગેની પરિચર્ચાઓ તથા કેન્સર જેવી બિમારીઓની તપાસ કરવામાં આવશે.

કૃષિલક્ષી વિવિધ યોજનાઓ અને કૃષિ વિજ્ઞાન અને કૃષિ સંશોધન કેન્દ્રોની મુલાકાત અને નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. મહિલાઓના શિક્ષણ-કારકિર્દી અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે. સગર્ભા અને ધાત્રી માતાઓમાં આહાર- વિહાર અને આરોગ્ય વિષયક જાગૃતિ કાર્યક્રમ, કિશોરીઓને પોષણક્ષમ આહાર વિષયક માર્ગદર્શન અને શિશુ સંભાળ અને બાળ આરોગ્ય વિષયક માર્ગદર્શન આપવામાં આવશે.

કુડાસણ ખાતે રવિવારે હોમિયોપેથિક સેમીનાર યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર હોમિયોપેથિક એસોસિએશન પ્રથમવાર આયોજન કરી રહ્યું છે. હોમિયોપેથિક સેમીનાર અને સીએમઈ એસોસિએશનના પ્રમુખ ડો. વિજય એમ.જોગીના જણાવ્યા મુજબ રવિવારના રોજ તા. ૨૮-૭-૧૯ ના રોજ સવારે ૮.૩૦ થી ૧.૩૦ દરમિયાન કુડાસણ ખાતે આવેલી પ્લશ પ્રોમીનેન્ટ હોલમાં આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગાંધીનગરના હોમિયોપેથિકના તજજ્ઞો-તબીબો અલગ અલગ વિષય પર પોતાના જ્ઞાનના અજવાળા પાથરશે જે નીચે મુજબ છે. જેમાં ડો.સોનાલી જોગી (કુડાસણ) વાયરલ વાર્ટસ (મસા), ડો. દિપક ભાવસાર (સે.૨) શોર્ટ સર્કિટ, ડો. હેતલ મહેતા ડાયાબિટીસ, ડો.ડાયના નાયી (કુડાસણ) સોરીયાસીસ, ડો. ઓમકાર જોષી (ઘ-૫) હાયપોથાઈરોડીઝમ અને ડો. ખ્યાતિ જોષી (ઘ-૫) મીથ એન્ડ ટુથ ઓફ હોમિયોપેથિનો સમાવેશ થાય છે.

ખેલમહાકુંભ-૧૯માં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓ ૧૫ ઓગષ્ટ સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી શકશે

ગાંધીનગર

સમગ્ર રાજયમાં દર વર્ષે ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. ખેલમહાકુંભ-૨૦૧૯માં ભાગ ઈચ્છતા ખેલાડીઓનું ઓનલાઈન રજિસ્ટ્રેશન આગામી તા. ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૯ સુધી કરી શકાશે. સ્પે. ખેલમહાકુંભના ગાંધીનગર જિલ્લાના ખેલાડી માટે ઓફ લાઈન ફોર્મ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, ગાંધીનગર ખાતે ભરવામાં આવશે,તેવું જિલ્લા રમત ગમત અધિકારીએ જણાવ્યું છે.

રાજય સરકારના રમત ગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત તથા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચાલુ વર્ષે પણ દર વર્ષની જેમ ખેલમહાકુંભ- ૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું છે. ખેલ મહાકુંભમાં સહભાગી થવા માંગતા ખેલાડીઓ પોતાના નામનું રજિસ્ટ્રેશન તા. ૧૫મી ઓગષ્ટ, ૨૦૧૯ સુધીમાં ઓનલાઈન કરાવી શકશે. તેમજ અંડર ૧૭ સુધીના તમામ ખેલાડીઓનું સ્કુલમાં અને કોલેજમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ કોલેજમાં પોતાના નામનું કરવાનું રહેશે. તેમજ ઓપન ખેલાડીઓ મોબાઈલ એપ્લીકેશન કે વેબસાઈટ www.khelmahakumbh.rog પરથી રજિસ્ટ્રેશન કરી શકશે.

ખેલમહાકુંભ ૨૦૧૯માં તાલુકા, જિલ્લા અને રાજય કક્ષાની મળી કુલ- ૩૫ સ્પર્ધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ખેલમહાકુંભમાં વિજેતા થયેલા ખેલાડીઓને રોકડ પુરસ્કાર તેમના બેંક ખાતામાં જમા કરાવવામાં આવશે. જેથી જે ખેલાડીઓનું બેંકમાં એકાઉન્ટ ન હોય તેમને સરકારશ્રી તરફથી યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે વિના મૂલ્યે ખેલમહાકુંભ માટે એકાઉન્ટ ખોલી આપવામાં આવશે. આ અંગેની વધુ વિગતો માટે જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની કચેરીના ફોન નંબર-૦૭૯ ૨૩૨ ૪૦૩૨૪ પર સંપર્ક કરી શકાશે, તેવું જિલ્લા રમત ગમત અધિકારીએ જણાવ્યું છે.

વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન
WASMO
જાહેર નિવિદા નં. ૧૭ સને ૨૦૧૯-૨૦

યુનિટ મેનેજરશ્રી, જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ બીજો માળ, આદર્શ હાઈસ્કૂલની પાછળ, ડેરી રોડ, પાલનપુર દ્વારા જુદી-જુદી જળ અને સ્વચ્છતા સમિતિ વતી ઓગમેન્ટેશન ઓફ ટેપ કનેક્ટીવીટી ઈન જનરલ એન્ડ ટ્રાયબલ યોજના હેઠળ નીચે મુજબના કામો માટેના ભાવો માન્ય કોન્ટ્રાક્ટરો પાસેથી માંગવામાં આવે છે. કામની કુલ અંદાજીત કુલ અંદાજીત રકમ કામની સામે દર્શાવેલ છે. કોરા ટેન્ડરો જળ અને સ્વચ્છતા સમિતિ પાસેથી તા. ૨/૮/૨૦૧૯ સુધીમાં જરૂરી ટેન્ડર ફી, એફ.ડી.આર., રજીસ્ટ્રેશન નકલ, રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવંશી પ્રમાણપત્ર આપવાથી ઈસ્યુ કરવામાં આવશે અને ભાવ ભરી રજી. પો.એ.ડીથી તા. ૯/૮/૨૦૧૯ સુધીમાં જળ અને સ્વચ્છતા સમિતિને પરત મોકલવાના રહેશે અને GSTના નિયમો લાગુ પડશે. કરેલ કામગીરીનું ૯૦% ચુકવણું પાણી સમિતિ દ્વારા કરવામાં આવશે. બાકી રહેલ ૧૦% રકમનું યોજના ચાલુ કર્યા બાદ ચુકવણું કરવામાં આવશે. કોઈપણ જાતનું કારણ આપ્યા વગર આવેલ ભાવો પૈકી કોઈપણ ટેન્ડર મંજુર કરવા કે બધા જ ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર ગ્રામ્ય પાણી સમિતિના અધ્યક્ષશ્રીનો રહેશે. માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો હેલ્પલાઈન નંબર ૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

અ. નં.	કામનું નામ	૧) અંદાજીત રકમ ૨) ટેન્ડર ફી રૂ. ૩) શ્રેણી
૧	કાસવી ગોળીયા (કાસવી) તાલુકોઃથરાદ મુકામે યોજના હેઠળ પાઈપલાઈન અને જમીન તળની ટાંકીનું કામ	૧) રૂ. ૪,૮૬,૭૭૯.૦૦ ૨) રૂ. ૬૦૦.૦૦ ૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર
૨.	ભગાજી ગોળીયા (ડુવા) તાલુકો : થરાદ મુકામે યોજના હેઠળ પાઈપલાઈન અને જમીન તળની ટાંકીનું કામ	૧) રૂ. ૪,૯૪,૬૮૩.૦૦ ૨) રૂ. ૬૦૦.૦૦ ૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર
૩	અંબાલા ગોળીયા (મહાદેવપુરા) તાલુકોઃથરાદ મુકામે યોજના હેઠળ પાઈપલાઈન અને જમીન તળની ટાંકીનું કામ	૧) રૂ. ૨,૯૨,૭૫૧.૦૦ ૨) રૂ. ૬૦૦.૦૦ ૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર
૪	કમાળી ગોળીયા (કમાળી) તાલુકોઃથરાદ મુકામે યોજના હેઠળ પાઈપલાઈન અને જમીન તળની ટાંકીનું કામ	૧) રૂ. ૪,૯૩,૪૪૪.૦૦ ૨) રૂ. ૬૦૦.૦૦ ૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર

કમાંક : નામાનિ/પાલન/૧૯૬/૨૦૧૯-૨૦૨૦